# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-11-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચિંતન શિબિર માં સનદી અધિકારીઓને થિંક વેલ ડુ વેલનો કાર્યમંત્ર આપ્યો
2) ચિંતન શિબિર માં વર્ષ 2024-25માં ઉત્કૃષ્ટ વહીવટી સેવા બદલ ચાર સનદી અધિકારીઓને કર્મયોગી પુરસ્કાર અપાયા.
3) સરદાર પટેલે જોયેલા અખંડ ભારતના સ્વપ્નને પ્રધાન મંત્રી સાકાર કરી રહ્યા હોવાનું કેન્દ્રિય મંત્રી જે પી નડ્ડાએ કહ્યું – સરદાર યાત્રા વડોદરા પહોંચી.
4) રાજ્યમાં SIRની કામગીરી પૂરજોશમાં - આવતીકાલના વિશેષ કેમ્પનો લાભ લેવા ચૂંટણી પંચની લોકોને અપીલ
5) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે.
6) આગામી ચોવીસ કલાક બાદ લઘુત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલિસિયસનો ઘટાડો થવાની આગાહી.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM IN CHINTAN SIBIR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધરમપુર ખાતે યોજાયેલી ત્ર ણ-દિવસીય ૧૨મી ચિંતન શિબિરના સમાપન પ્રસંગે કહ્યું હતું કે, આપણે સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ તરફ આગળ વધવાનું છે.

શ્રી પટેલે મંત્રીઓ અને સનદી અધિકારીઓને થિંક વેલ, ડુ વેલનો કાર્યમંત્ર આપ્યો હતો. અધિકારીઓને દર મહિને ફિલ્ડ વિઝીટ કરવા મુખ્યમંત્રીએ સૂચના આપી હતી. તેમજ દરેક અધિકારી ઉત્તરદાયિત્વની ભાવના કેળવે તેવું પણ જણાવ્યુ હતું. તેમણે કહ્યું હતું કે, ચિંતન શિબિરનું ચિંતન- મનન, પ્રજાલક્ષી કામગીરીમાં પ્રતિબિંબિત થવું જોઈએ તેમજ ગુજરાતમાંથી કુપોષણની નાબૂદીને ધ્યેય બનાવવા અપીલ કરી હતી.

શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં દરેક લોકોને શિક્ષણ અને પોષણ અપાવાની રાજ્ય સરકારની પ્રાથમિકતા છે.

. . . . . . . . . . . . .

# CHINTAN SHIBIR

આ પ્રસંગે મુખ્યમંત્રીએ વર્ષ 2024-25માં ઉત્કૃષ્ટ વહીવટી સેવા બદલ ચાર સનદી અધિકારીઓને કર્મયોગી પુરસ્કાર એનાયત કર્યા હતા.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિતિ રહ્યાં હતા.

જે સનદી અધિકારીઓને આ કર્મયોગી સન્માન મળ્યું તેમાં વલસાડના તત્કાલીન કલેક્ટર નૈમેષ દવે, પાટણના તત્કાલીન કલેકટર અરવિંદ વી, મોરબીના તત્કાલીન જિલ્લા વિકાસ અધિકારી જે. એસ. પ્રજાપતિ અને આણંદના તત્કાલીન જિલ્લા વિકાસ અધિકારી મિલિંદ બાપનાનો સમાવેશ થાય છે.

આ પુરસ્કાર અંતર્ગત પ્રત્યેકને ૫૧ હજાર રૂપિયાનો રોકડ પુરસ્કાર અને જે જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા હોય તે જિલ્લાના વિકાસ માટે ૪૦ લાખ રૂપિયાની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# HARSH SANGVI PRESS

રાજ્ય સરકારના મંત્રીઓ અને અધિકારીઓની ધરમપુરમાં યોજાયેલી ત્ર ણ દિવસીય ચિંતન શિબિરમાં પત્રકારોન સંબોધન કરતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અથાક પ્રયત્નોથી વહીવટી કામગીરીમાં સુધારા થાય તે માટે વર્ષ 2003 થી ચિંતન શિબિર શરૂ કરવામાં આવી હતી. આ શિબિરમાં રાજ્યના વિકાસ સંબંધિત પાંચ મુદ્દાઓની વ્યાપક ચર્ચાઓ કરવામાં આવી હતી.

(બાઈટ – હર્ષ સંઘવી)

. . . . . . . . . . . . .

# SARDAR @150 - NADDA

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જયપ્રકાશ નડ્ડાએ જણાવ્યું છે કે, દેશી રાજ્યોના વિલિનીકરણ બાદ સરદાર પટેલે ભારત દેશના ભવિષ્યનું જે સ્વપ્ન જોયું હતું, તેને પ્રધાનમંત્રી સાકાર કરી રહ્યા છે. બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરી પ્રધાનમંત્રીએ દેશને ખરા અર્થમાં એક કર્યો છે.

ભારત રત્ન સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ઉપલક્ષમાં કરમસદથી કેવડિયા સુધી નીકળેલી  રાષ્ટ્રીટ્ય એકતા પદયાત્રાના વડોદરા શહેરમાં પ્રવેશ સમયે કેન્દ્રીય આરોગ્ય મંત્રી નડ્ડા તેમાં સહભાગી થયા હતા.

અટલાદરા સ્વામિનારાયણ મંદિર સભાગૃહમાં યોજાયેલી સરદાર ગાથામાં શ્રી નડ્ડાએ ભારપૂર્વક જણાવ્યું કે સરદાર પટેલ આપણા સાચા રાષ્ટ્રીય નાયક હતા.

(બાઈટ – જે.પી. નડ્ડા)

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ રાષ્ટ્રવ્યાપી એકતા અને વિકાસના સંદેશને ઉજાગર કર્યો હતો. તેમણે જણાવ્યું કે દેશભરમાં એક હજાર 500થી વધુ એક દિવસીય પદયાત્રાઓ યોજાઈ હતી , અને ગુજરાત સરકારે પણ રાજ્યના ૧૮૨ વિધાનસભા મતવિસ્તારોમાંથી દરેકમાં એક દિવસીય પદયાત્રાઓનું આયોજન કર્યું હતું.

શ્રી માંડવિયાએ આ પદયાત્રાના વૈચારિક મહત્વ પર ભાર મૂકતા કહ્યું કે આ માત્ર પગપાળા કૂચ નથી, પરંતુ તે એક વૈચારિક યાત્રા છે જે દેશમાં એકતાનો સંદેશ ફેલાવે છે.

ગુજરાત પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે સરદાર વલ્લભભાઈ પટેલના અખંડ ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે રાષ્ટ્રવ્યાપી સ્તરે એકતા અને અખંડતાનો સંકલ્પ વધુ મજબૂત બની રહ્યો છે.

. . . . . . . . . . . . .

# GPSC RECUITMENT

ગુજરાત જાહેર સેવા આયોગ – GPSC એ વિવિધ 67 વિભાગોની 778 જગ્યાઓ પર ભરતી જાહેર કરી છે. જેના માટે આજથી ઉમેદવારો ઉમેદવારી પત્રો ભરી શકશે. આગામી 13 મી ડિસેમ્બરે ઉમેદવારી પત્રો ભરવાનો અંતિમ દિવસ છે. GPSC ના સચિવ કુંજન પાઠકે જણાવ્યું છે કે, ભરતીમાં સૌથી વધુ શિક્ષણ સેવા વર્ગ 2 ની 128 જગ્યા ભરાશે સાથે જે GPSC પ્રથમવાર નાયબ માહિતી વર્ગ – 1, સહાયક માહિતી વર્ગ - 2 ની 13 જગ્યા પર ભરતી કરશે.

(બાઈટ - સચિવ કુંજન પાઠક, GPSC )

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# SIR – SPECIAL CAMP

રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. અંતર્ગત ચાલી રહેલા વિશેષ કેમ્પનો આવતીકાલે છેલ્લો દિવસ છે. રાજ્યભરમાં નક્કી કરેલા સ્થળોએ બાકી રહેલા મતદારોને ગણતરી ફોર્મ ભરવા અને SIR અંગે માર્ગદર્શન પૂરું પાડવા આ વિશેષ કેમ્પનું આયોજન કરાયું છે. નાગરિકો આવતીકાલે સવારે 10 થી સાંજે 5 વાગ્યા સુધી નિશ્ચિત કેન્દ્રો ખાતે 2002ની યાદીમાં પોતાનું નામ શોધી શકશે.આ ઉપરાંત ગણતરી ફોર્મ ભરી શકશે.રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી હરિત શુક્લાએ આ વિશેષ કેમ્પનો લાભ લઇ લોકોને સત્વરે ગણતરી ફોર્મ જમા કરાવવા અપીલ કરી છે.

(બાઈટ -- હરિત શુક્લા)

. . . . . . . . . . . . .

# SIR – DETAILS

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 4થી ડિસેમ્બર સુધી ચાલશે.

2025ની મતદાર યાદીમાં નોંધાયેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. રાજ્યના 33 જિલ્લાઓ પૈકી મોટાભાગના જિલ્લાઓમાં 100 ટકા ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. જ્યારે કેટલાંક જિલ્લાઓમાં 100 ટકા વિતરણનું લક્ષ્ય હાંસલ થવામાં છે. આ ફોર્મ પૈકી પરત મળેલા ફોર્મને ડિજીટાઈઝેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

આ કામગીરીમાં 91.41 ટકા ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પણ કામગીરી પ્રગતિમાં છે.

. . . . . . . . . . . . .

# NQAS SABARKANTHA

સાબરકાંઠા જિલ્લાની વધુ 10 આરોગ્ય સંસ્થાઓને ગુણવતાયુકત સેવાઓ માટે રાષ્ટ્રીય ગુણવત્તા ખાતરી ધોરણ- NQAS પ્રમાણપત્ર મળ્યા છે.

આ અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ..

(વોઈસ કાસ્ટ - યોગેશ સથવારા)

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યુ કે માર્ચ 2026 સુધીમાં વધુ 20 આરોગ્ય કેન્દ્રોને NQAS પ્રમાણપત્ર મેળવવાનો લક્ષ્યાંક રખાયો છે.

. . . . . . . . . . . . . .

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 128મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આગામી ચોવીસ કલાક બાદ લઘુત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલિસિયસનો ઘટાડો થવાની આગાહી કરી છે.જેનાથી ઠંડીમાં વધારો થવાની શક્યતા છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર , રાજ્યમાં આગામી 7 દિવસ વાતાવરણ સૂકું રહેશે.

(બાઈટ - રામાશ્રય યાદવ)

બીજી તરફ આજે દિવસ દરમિયાન બનાસકાંઠા અને વાવ થરાદ જિલ્લામાં વાદળછાયું વાતાવરણ રહ્યું હતું.

. . . . . . . . . . . . .